LOTTERY FUNDED

શેક્સપેયર બિઝનેસ સેંટર
245એ કોલ્ડહારબર લેન(245a Coldharbour Lane)
લંડન(London) SW9 8RR
info@roadpeace.org
www.roadpeace.org

## સડક-દુર્ઘટના માં થતી મોત ની તપાસ - સારાંશ

અમને તમારી હાનિ માટે ઘણું દુખ છે. વધારે દિવસો પસાર નહી થતા કે લંડન ની સડકો ઉપર ટક્કર માં કોઇ ની મોત થઇ જાય છે. આ સારાંશ આ સુનિશ્ચિત કરવા છે કે વિરહ માં ડૂબેલા કુટુંબો લંડન માં સડક-દુર્ઘટના માં થતી મોત ની તપાસ થી સંબંધિત મૂળ કદમો ને જાણે.

પ્રત્યેક કુટુંબ ની વ્યક્તિગત જરુરિયાતો અને આશાઓ હોય છે. કેટલાક લોકો મોટી સંખ્યા માં માહિતી મેળવવા માગે છે તો બીજાં કશું યે નહિ. અહીયા કશુંયે સાચું કે ખોટું નથી, પણ પોલીસ માહિતી આપતા પહેલાં પ્રતીક્ષા કરી શકે છે કે કુટંબ આની માંગ કરે.

### *સડક-દુર્ઘટના માં થતી મોત ની તપાસ માં કોણ શું કામ કરે છે*

**વરિષ્ઠ તપાસ અધિકારી** નિર્ણય લે છે અને તપાસ ની કુલ જવાબદારી એનીજ હોય છે.
**સડક ઉપર થવાની ટક્કર ની તપાસ કરનાર** સીપીએસ અને કોરોનર (મૃત્યુનિદાનક) માટે આમાં સમાવિષ્ટ વેગ ને નિર્ધારિત કરવા અને ટક્કર ને સંબંધિત તપાસ રિર્પોટ તૈયાર કરવાની સાથે ટક્કર માં થયેલી હાનિ ના પુન:નિર્માણ માટે પણ જવાબદાર હોય છે.
**વાહાન પરીક્ષક** આના સંબંધિત વાહન પરિસ્થિતિ ની ખાતરી કરશે કે શું આને દુર્ઘટના અથવા મોત જોડે કોઇ સંબંધ છે.
**કુટુંબ જોડે સંપર્ક જાળવનાર અધિકારી (એફએલઓ)** કુટુંબ ને તપાસ ની પ્રગતિ વિષે જાણ કરવા માટે જવાબદાર હોય છે. એમની જોડે આશ રાખવામાં આવે છે કે એ એમની પાસે નોંધ રાખે અને કુટુંબ થી મળવા વાળી કોઇ પણ માહિતી નો હેવાલ પાછો આપે.
**મૃત્યુનિદાનક અધિકારી** મૃત્યુનિદાનક કાર્યાલય જોડે તમારો સંપર્ક કરાવે છે. જો ત્યાં કોઇ પણ તપાસ છે તો પોલીસ એમની ટક્કર ની તપાસ રિર્પોટ મૃત્યુનિદાનક ને મોકલશે. અમારી *લંડન માં સડક-દુર્ઘટના માં થયેલી મોત નાં પછી ની તપાસ* જુઓ
**અપરાધી ફરિયાદ સેવા (સીપીએસ)** ની જવાબદારી આ નિર્ણય કરવાની હોય છે કે શું અપરાધિક મુકદમો ચલાવું જોઇએ છે.

### *વિરહ સંતપ્ત કુટુંબ નાં અધિકાર*

તમે અથિકૃત છો કે :

- તમે આમાં સમવિષ્ટ વાહન ચાલક(કો) નું નામ અને એમની મોટર વીમા પોલિસિ ની વિગતો જાણો.
- તમને ટક્કર સંબંધી તપાસ અંગેની પ્રગતિ માટે જણાવુ જોઇએ.
- તમે સી.પી.એસ જોડે મળો જયાં તે તમને આરોપ નાં તેમના નિર્ણય ને વિગતવાર જણાવશે.

તમે પોલીસ થી આ પણ પૂછી શકો છો કે :

- તમને દુર્ઘટના સ્થળ ઉપર લઇ જાય. એ તમને પરિસ્થિતિ વિષે માહિતી આપી શકે છે અને તમને મંજૂરી આપી શકે છે કે તમે ત્યાં ફૂળ અથવા પ્લાક મુકી શકો જો તમે ઈચ્છતા હોવો તો.
- કોઈપણ તપાસ પહેલાં તમને મળો અને તસવીરો અને કથન જોડે સબૂતો દેખાડો.
- કોઈપણ મુખ્ય ઘટના વિષે તમને લેખીત સૂચના આપશે, જેમકે જ્યારે એ વાહાન ચાલક નું ઇન્ટરવ્યૂ લે અથવા જયારે એ સી.પી.એસ ને ફાઇલ મોકલે અને આમાં કયા આરોપો ની ભલામણ સમાવિષ્ટ છે, જો કોઇપણ છે.
- કોઇપણ અગત્યની માહિતી લખીત માં આપો. વિરહ સંતપ્ત કુટુંબ પોલીસ, મૃત્યુનિદાનક અધિકારી, વકીલો, સી.પી.એસ વગેરે જોડે આ માંગ પણ કરી શકીએ છે કે તેઓ તેમની પાસે રાખવા માટે તપાસ ની પ્રગતિ અને સંપર્ક ની નોંધ નું લેખીત રિકોર્ડ પ્રદાન કરે.

*પૂછવા યોગ્ય મુખ્ય બાબતો માં નિમ્નલિખિત સમાવિષ્ટ છે:*

**ઘટનાસ્થળ પર તપાસ**

- ટકકર કઇ જગ્યાએ થઇ અને તેમણે આને કેવી રીતે નિર્ધારિત કર્યુ.
- આમાં સમાવિષ્ટ વાહન ના વેગ નું અંદાજ અને આ વેગ ની ગણતરી કેવી રીતે કરી હતી.
- સ્થાનિક યાતાયાત વ્યવસ્થાપક મંડળ (યાતાયાત સિગનલ, સંકેતો, પ્રકાશ) એ આ તપાસ કેવી રીતે કરી હતી કે આ દુર્ઘટના માં અમનો ફાળો હતો કે નહિ.
- વાહન ચાલક ના શ્વાસ ના પરીક્ષણ સાથે -સાથે કયા પરીક્ષણ થયા હતા.

**સ્થાન ની તપાસ**

- તાજેતરનાં વર્ષો માં દુર્ઘટના સ્થળ ઉપર કેટલી અને કઇ પ્રકાર ની ટકકરો થઇ.
- એ સ્થાન નું સડક ભરણપોષણ રિકોર્ડ.
- વેગ, દ્રષ્ટિગોચર, વગેરે ને સંબંધિત કોઇ પણ સ્થાનિક મુશ્કેલીઓ.
- કોઇપણ યાતાયાત સિગનલ, સડક ગોઠવણી અથવા એન્જિનિઅરિંગ મુદદાઓ.

**વાહન ની તપાસ**

- શું વાહન ની પરિસ્થિતિ દર્શાવે છે કે આનું દુર્ઘટના અથવા મોત જોડે કોઇપણ સંબંધ છે.
- શું દુર્ઘટના માં મોટાં વાહનો સમાવિષ્ટ છે, શું આમાં કોઇ અગમચેતી ટપકો હતો ?

**સાક્ષી ની ઓળખાણ અને ઇન્ટરવ્યૂ**

- સાક્ષીઓ ની ઓળખાણ કેવી રીતે થઈ હતી.
- શું તમે માહિતી અથવા સાક્ષીઓ ને લીધે સ્થાનિક મીડીયા અપીલ જોડે મદદ લઇ શકો છો.

**વાહન ચાલક ની તપાસ** (વાહન ચાલક નું ઇન્ટરવ્યૂ અન્ય સાક્ષીઓ પછી લેવામાં આવશે)

- દારૂ પીવાનું અથવા નશો કરવાની તપાસ અને નજર ની તપાસ નાં પરિણામો ને આગળ રાખવા માં આવે છે.
- બીજાં વાહન ચાલક નાં વીમા ની વિગતો.
- શું આ જોવા માટે તપાસો થઇ હતી શું વાહન ચાલક નું ફોન ઉપયોગમાં હતું.

**અપરાધિક મુકદમા**

- શું પોલીસે કોઇપણ આરોપ વિષે ભળામણ કરી હતી જ્યારે તેમણે ફાઇલ સી.પી.એસ ને મોકલી હતી ?
- વાહન ચાલક ઉપર મુકદમો લગાવા માટે, જો આવુ છે, સી.પી.એસ કયા અપરાધિક આરોપો નું ઉપયોગ કરશે. આને એમની પ્રયાપ્ત પૂરાવા ની તપાસ થી પસાર થવું પડશે જે સાર્વજનિક હિત માં હશે. આની એ પત્ર માં સ્પષ્ટ રૂપ થી વિગતો હોવી જોઇએ જે તેઓ તમને મોકલે છે.
- આ એફ.એલ.ઓ કુટંબ ને સી.પી.એસ નાં નિર્ણય વિષે તાકીદ કરશે પણ કુટંબ ને એ સભા માટે પણ આમંત્રણ આપવામાં આવશે જ્યાં સી.પી.એસ એમના આરોપ ના નિર્ણય વિષે જણાવશે.

***સુનિશ્ચિત કરવું કે તમે બધાં સબક શીખી લીધાં છે***

**પોલીસ ની તપાસ પૂર્ણ થયા પછી, તમારી પાસે તક હોવી જોઇએ કે:**

- કોઇપણ સારા અભ્યાસ અને વિસ્તાર પર ચર્ચા કરવા માટે એફ.એલ.ઓ અને એસ.એલ.ઓ જોડે નિર્ણાયક સભા માં કહેવાનું અવસર કે સેવાઓમાં કયાં સુધાર કરી શકાય છે.
- અલ્પતમ કિંમત અથવા મફ્ત તપાસ રિપોર્ટ ની નકલ પ્રાપ્ત કરવા માટે.
- ભવિષ્ય માં આના જેવી દુર્ઘટનાઓ ના જોખમ ને ઘટાડવા માટે શું શીખ્યું છે.
- સડક-દુર્ઘટનાઓ ના જોખમ ના પ્રતિ જાગ્રુકતા ને વધારવા માટે તમે પોલીસ અને સ્થાનિક સત્તાધિકાર ની મદદ કેવી રીતે કરી શકો છો.

રોડપીસ, સડક-દુર્ઘટના પીડિતો માટે રાષ્ટ્રીય ધર્માદા સંસ્થા નોંધણી(રજિસ્ટ્રેશન) ધર્માદા સંસ્થા 1087192